# સ્થિરતા વિ . અરાજકતા

**- શ્રી અરૂણ જેટલી**

**વિરોધ પક્ષના નેતા (રાજ્ય સભા)**

ગયા અઠવાડિયે કંઈક નવું શિખવા મળ્યાનો અનુભવ થયો. ત્રણ અલગ અલગ નેતાઓના ભારત વિશેના દૃષ્ટિકોણને મેં ખૂબ જ નજીકથી નિહાળ્યો.

રાહુલ ગાંધીએ તેમના પક્ષના નેતાઓનો જુસ્સો વધારવા કોંગ્રેસ મહાસમિતિના અધિવેશનને સંબોધન કર્યું. જેમાં તેઓ દિશાહીન જોવા મળ્યા. હાલના સંદર્ભમાં તેમને વડા પ્રધાનપદના ઉમેદવાર નહિ બનાવવાના નિર્ણયનો મનોવૈજ્ઞાનિક લાભ તેમને મળ્યો છે. તેમનું સંબોધન આક્રમક પરંતુ અસ્પષ્ટ હતું .

ભાજપ નેશનલ કાઉન્સિલની બેઠકમાં સંબોધન વેળા નરેન્દ્ર મોદીની છટા શ્રેષ્ઠ હતી. તેમણે રાજકીય સ્થિતિ સિવાય ભારત વિશે હકારાત્મક દૃષ્ટિકોણ દાખવતું વક્તવ્ય આપ્યું. તેમણે ચર્ચાનું સ્તર બહેતર બનાવ્યું. તેમના આંકડાઓનો ઉપયોગ કરીને વિગતો સમજાવી. તેમણે સમવાયતંત્રના મહત્વ પર ભાર મૂકતા આધુનિક અને મજબૂત ભારતના દૃષ્ટિકોણને રજૂ કર્યો. કૃષિ, શિક્ષણ અને આરોગ્ય માટે તેમણે હકારાત્મક વિચારો રજૂ કર્યા. તેમણે કહ્યું કે દરેક રાજ્યમાં આઈઆઈટી , આઈઆઈએમ અને AIIMS જોવી શ્રેષ્ઠ સંસ્થાઓ હોવી આવશ્યક છે. ભારતમાં એક પણ ઘર મૂળભૂત સુવિધાઓ વિના ન રહે એવા પ્રયત્ન કરીશું. ધોરીમાર્ગોમાં સુવર્ણ ચતુષ્કોણ, 100 શહેરોને સાંકળતો ઔદ્યોગિક કોરિડોર અને બુલેટ ટ્રેન ભારતનો ચહેરો બદલી શકે છે. ગરીબ અને વંચિત માટે ખાસ કાર્યક્રમો ઘડવાની આવશ્યકતા

પર તેમણે ભાર મૂક્યો. આ બધી બાબતો ભાજપ અને 2014 માટે નરેન્દ્ર મોદીના અભિયાન માટે મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે .

ત્રીજું આપ પક્ષનું રાજકારણ જોવા મળ્યું. આ પક્ષ પરંપરાગત રાજકારણ સામે પ્રતિક્રિયાના રાજકારણમાંથી ઉભરી આવ્યો હતો. તે પક્ષે વૈકલ્પિક રાજકારણનું વચન આપ્યું હતું. તે વૈકલ્પિક રાજકારણ હવે અરાજકતામાં પરિણમશે એવું હવે સ્પષ્ટ જણાય છે. આપ પક્ષના નેતા દ્વારા કરવામાં આવી રહેલા નિવેદનો વિરોધાભાસી છે. લોકપાલ માટેની ચળવળ કરનાર આપ પક્ષના નેતાઓ કેન્દ્ર સરકારની પોલીસ તરીકે સીબીઆઈ કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળ ન હોઈ શકે એવી દલીલ અગાઉ કરી હતી. તે જ લોકો હવે રાજ્ય પોલીસ દિલ્હીના ચૂંટાયેલા પ્રતિનિધિઓ હેઠળ હોવી જ જોઈએ એવી દલીલ કરે છે. તેના નેતાઓના ઉચ્ચારણોમાં માણસાઈનો અભાવ છે એમ કહેવું ખોટું નથી. આપ પાર્ટીના નેતાઓના જાહેર વક્તવ્યોમાં માલવિયા નગરમાં કાયદાનું શાસન, રાજકીય સાહસ, ભારે ઘમંડ, માણસાઈનો અભાવ અને સંસ્થાઓ માટે ઓછામાં ઓછી ચિંતા જેવી બાબતોને દર્શાવવામાં આવે છે. તેઓએ આંદોલનમાં ભાગ લેવા માટે પોલીસનો અપીલ કરી. બે દાયકા પહેલાં એક કટ્ટરવાદી જૂથે પ્રજાસત્તાક દિવસના બહિષ્કાર માટે એલાન આપ્યું હતું. આજે રાષ્ટ્રીય પક્ષના કૃત્યથી પ્રજાસત્તાક દિવસમાં વિક્ષેપ થવાનો ભય સર્જાયો હતો. તેનું વર્તન બંધારણ માટે એક પડકાર બન્યો હતો. તેના સભ્યોમાં જમ્મુ કાશ્મીરમાં ભાગલાવાદીઓ અને છત્તીસગઢ માં માઓવાદીઓ સમર્થકોનો સમાવેશ થાય છે.

મેં રાજ્ય સભામાં પ્રશ્નો પુછતી વખતે અરાજકતાનું સામ્રાજ્ય શબ્દનો ઉપયોગ કર્યો હતો. દિલ્હીના રસ્તાઓ પર પ્રદર્શન આવી અરાજકતા વધારશે. અંધાધૂંધી વૈકલ્પિક રાજનીતિ ન હોઈ શકે.